અપીલ અરજી નં.૩૯ તા.૨૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) સત્યનગર સાઉથઝોન ગેટની સામે આવેલ એલ–૪૫ (એપાર્ટ.)ની બાજુમાં બ્લોક નં.૧૬ સિધ્ધિ એપાર્ટ. સામે ખાડી કિનારે હાલમાં થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. વિગેરે મુદૃા નં.૧ થી ૨ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) સત્યનગર સાઉથઝોન ગેટની સામે આવેલ એલ–૪૫ (એપાર્ટ.)ની બાજુમાં બ્લોક નં.૧૬ સિધ્ધિ એપાર્ટ. સામે ખાડી કિનારે હાલમાં થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. વિગેરે મુદૃા નં.૧ થી ૨ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦ તા.૩૦–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૭ તા.૧૧–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી ઉધનાસત્યનગર તથા ઉધના ઉદ્યોગનગરના બાંધકામોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમયગાળમાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૭ તા.૧૧–૪–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદૃા નં.(૧) સત્યનગર સા.ઝોન ગેટની સામે આવેલ સત્યનગરમાં એલ.૪૫ (એપાર્ટમેન્ટ) ની બાજુમાં બ્લોક નં.૧૬ સિધ્ધિ એપાર્ટ. સામે ખાડી કિનારે હાલમાં તૈયાર થતા બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથઝોન ઉધના ગેટની સામે સત્યનગર એલ–૪૫ (એપાર્ટ.) ની બાજુમાં ચાલતાં બાંધકામને ટીડીઓ નં.એસ.ઝેડ/૧૧ તા.૨૯–૫–૧૦ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. મુદૃા નં. (૨) ઉધના ઉદ્યોગનગરમાં રોડ નં.૧ પર પોલીસ સ્ટેશનની સામે તૈયાર થતું બાંધકામ પ્લોટ નં.૧૯ VAP CHEM ની તથા તેની બાજુવાળું બાંધકામ રોડ નં.૨ પર (પ્લોટ નં.૨૫) પ્લોટ નં. ૨૪ ની બાજુમાં પેટ્રલ પંપની સામે તૈયાર થતું બાંધકામ તથા પ્લોટ નં.૧૩ પરનું બાંધકામ રોડ નં.૪ પર શ્રી શંકર વિજય ટીમ્બર માર્ટ વાળા પ્લોટ પર ડીમોલીશન થયા બાદ ફરીથી તૈયાર થયેલ બાંધકામ રોડ નં.૬ ટીવી કમ્પાઉન્ડ ન્યુ એસ્ટેટ માં પ્લોટ નં.કે–૧૬–૧૭ સાઉથ ગુજરાત ટ્રાન્સપોર્ટ સર્વીસની સામે ટ્રાન્સફોર્મર પાસ ે અડીને આવેલ બાંધકામ (પ્લોટ નં.૧૮ ની બાજુવાળું) કે જેનું ડીમોલીશન અગાઉ પણ થયેલ છે. (ભંગી ગલી વાળુ) તે બાંધકામ. આ બાંધકામોને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો.

આ બાંધકામો પૈકીના કેટલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા અગાઉ કરવામાં આવેલ છે તેની બાંધકામ ધારકનું નામ બાંધકામનું સરનામુ ડીમોલીશન કર્યા તારીખ ડીમોલીશન કરતી વખતે જે જે અધિકારી/કર્મચારી હાજર રહયા હોય તેમના હોદૃા તથા ડીમોલીશન કર્યા બાદ વહીવટી ચાર્જ પેટે આપના વિભાગે જેટલી જેટલી રકમ વસુલ કરી હોય તેની વિગતવાર માહિતી આપશો. આ બાંધકામ ધારકોને આપના વિભાગ તરફથી અત્યાર સુધીમાં કામ બંધ કરવા અંગે અથવા બાંધકામ દુર કરવા અંગેની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ઉદ્યોગનગર સંઘ રોડ નં.૧ પર પોલીસ સ્ટેશનની સામે ચાલતાં બાંધકામને ઉધનાઝોન તરફથી પરવાનગી આપવામાં આવેલ નથી. જયારે રોડ નં.૨ પ્લોટ નં.૨૪,૨૫ પેટ્રોલ પંપ સામેના ગેરકાયદેસર બાંધકામને ઉધનાઝોન

તરફથી તા.૨૧–૨–૧૧ ના દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. રોડ નં.૪ શંકર વિજય ટીમ્બર વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાધકામ અંગે ઉધનાઝોન તરફથી તા.૨૭–૧૦–૧૦ ના રોજ દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. રોડ નં.૬ ટીવી કંપાઉન્ડ ન્યુ. એસ્ટેટ પ્લોટ નં.૧૬ અને ૧૭ માં તા.૭–૭–૧૦ ના રોજ થયેલ ગેરકાયદેસર બાંધકામ ઉધનાઝોન તરફથી દુર કરવામાં આવેલ છે તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલ લીધેલ છે. ડીમોલીશન બાદની સ્થિતિ ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ જણાતી નથી. પ્લોટ નં.૧૯ VAP CHEM તથા તેની બાજુનું બાંધકામ તેમજ પ્લોટ નં.૧૩ પરના બાંધકામની જગ્યા સ્પષ્ટ થતી ન હોય માહિતી આપી શકાય તેમ નથી. ઉકત કામો સાઉથઝોન ઉધના સબ ડીવીઝન–૧ ના કાર્યક્ષેત્રમાં આવતા કર્મચારી/અધિકારીને લાગુ પડે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ